ગાંધીનગર સમાચાર

શહેરમાં અચાનક જ સફાઇ અભિયાન

# ચૂંટણીમાં મિત્રમંડળના રાજકારણથી પરિણામ સુધી પહોંચવાની પક્ષોની નીતિ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ૧૮૧ બેઠકોની આગામી સપ્તાહના અંતે યોજાનાર ચૂંટણી જંગમાં મિત્રમંડળની રાજનીતિથી જંગ જીતવાની વ્યૂહરચના બન્ને મુખ્ય રાજકીય પક્ષોએ તૈયાર કરી છે.

બન્ને પક્ષોને આંતરિક જૂથબંધી નડી રહી છે તેમજ ચૂંટણીનો માહોલ જોઈએ તેટલો જામતો નથી. બન્ને પક્ષો જાહેર પ્રચાર ઓછો તેમજ ડોર ટુ ડોર પ્રચાર અભિયાન બાદ મિત્રમંડળનું રાજકારણ ખેલવા માટે મજબુર બન્યા છે.

**જાહેર પ્રચાર નહિ પણ ખાટલા પરિષદો થકી રાજકીય વાતાવરણ બનાવવા પક્ષોના મહારથીઓ મેદાનમાં : મતદારોનો નિરૂત્સાહ પક્ષોના વ્યુહકારોની મૂંઝવણ બની રહેલ છે**

બન્ને પક્ષો દ્વારા ખાટલા પરિષદો અને ચોરા બેઠકો કરી મતદારોને રિઝવવા માટેના પ્રયાસો હાથ ધર્યા છે. જિલ્લામાં હજુ મતદારો નિરૂત્સાહી અને અકળ હોવાનું જણાઈ રહેતાં પક્ષોના વ્યૂહરચનાકારોની મૂંઝવણમાં વધારો થવા પામ્યો છે.

ડોર ટુ ડોર કેમ્પેઈનમાં પણ મતદારો પ્રતિભાવ કે પ્રતિસાદ આપવાનું ટાળી રહ્યાની વાતો બન્ને પક્ષના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ખેતીની સિઝન પણ શરૂ થઈ ગઈ હોવાથી મતદારો રૂબરૂ મળવાનું પણ ટાળી રહ્યા છે.

જિલ્લામાં હવે રાજનીતિમાં બહુ ગવાયેલ મિત્રમંડળની રાજનીતિ થકી રાજકીય જંગ લડવાની

● અનુસંધાન પાન-૬ પર



જન્મદિનના વધામણા - ગુજરાતની તંદુરસ્ત લોકશાહીનું અદ્દભૂત દશ્ય... દિવસોના દિવસ સુધી વિચારધારા પર ભાષણો ઝીંક્યા પછી એકબીજાને પ્રેમથી જન્મદિનની વધામણી પાઠવવી રાજકીય વિવેક છે... ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના ૭૫માં જન્મદિને વિરોધપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ મીઠું મો કરાવી જન્મદિનની શુભેચ્છા પાઠવી હતી... આ જ રાજકીય ખેલદિલી ગુજરાતમાં જળવાઈ છે અને જળવાશે એની પ્રતિત આ તસવીરમાં ડોકાય છે...

# ગિરનાર પરિક્રમા માટે જતા ભાવિકો માટે ડેપોએ ૨૦ બસો ફાળવી

## ગાંધીનગરથી પરિક્રમા અર્થે જતા ભાવિકોની સંખ્યા વધી

## શહેરમાંથી ગૃપમાં જતા ભાવિકો માટે પણ બે બસો દોડાવાઈ

ગાંધીનગર તા ૨૧

જુનાગઢમાં ગિરનાર પરિક્રમાને અનુલક્ષી ગાંધીનગર એસ ટી ડેપોની ૨૦ જેટલી બસો દોડાવામાં આવી છે. જયારે શહેરમાંથી પરિક્રમા માટે જતા ભાવિકો માટે ડેપો કક્ષાએથી જ બે બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. દિવાળી દરમિયાન પણ એસ ટી ડેપો દ્વારા દાહોદ જાલોદ સહિત બરોડા અને સૌરાષ્ટ્ર વિસ્તારની બસો દોડાવી મુસાફરો માટે બસલેવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.જયારે ગિરનાર પરિક્રમાને અનુલક્ષીને પણ ડેપો કક્ષાએથી ખાસ બસસેવા પુરી પાડવામાં આવી છે.

જુનાગઢમાં ગિરનાર પરિક્રમા માટે ભાવિકોના વિશેષ ઘસારો જોવા મળે છે. દેશ વિદેશ ઉપરાંત ગુજરાતના વિવિધ શહેરોમાંથી પણ ગિરનાર પરિક્રમા માટે ભાવિકોની વિશેષ અવર જવર રહે છે. જયારે ગાંધીનગરમાંથી પણ છેલ્લા ત્રણ વર્ષથી પરિક્રમામાં જોડોવા માટે જતા ભાવિકોની સંખ્યા વધી છે. જેથી આ શ્રધ્ધાળુઓને જરૂરી વાહન સેવા ઉપલબ્ધ થાય તેવુ આયોજન એસ ટી તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે. ગિરનાર પરિક્રમામાં જતા ભાવિકોએ

● અનુસંધાન પાન-૬ પર

# ૦ થી ૬ વર્ષની આયુ ધરાવતા ૩ બાળકોને મોતિયો, તો ૧૦ બાળકો જન્મથી જ બહેરાશ ધરાવે છે !!

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં ૦ થી ૬ વર્ષના બાળકોના તાજેતરમાં કરાયેલા આરોગ્ય વિષયક સર્વેના તારણો ચોંકાવનારા આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાંથી ૩ બાળકોને જન્મજાત મોતિયો હોવાનું જણાયું છે, તો ૧૮ બાળકોને હોઠ કપાયેલા અને તાળવુ ચોંટેલું હોવાનું જણાઈ આવેલ છે. ૨૨ બાળકોના પગ અંદરથી વળેલા જણાયા છે, તો ૧૦ બાળકો જન્મજાત બહેરાશ ધરાવતા મળ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર મળી આવેલા આ ૫૩ બાળકોમાંથી ૨૪ પર તાત્કાલિક શસ્ત્રક્રિયા પણ કરી દેવામાં આવી છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે હોઠ કપાયેલા અને તાળવુ ચોંટેલા બાળકો કલોલ અને દહેગામમાંથી સાત-સાત મળી આવ્યા છે. તો ગાંધીનગરમાંથી ૩ બાળકો અને માણસાના ૧ બાળકનો સમાવેશ થાય છે.

પગ અંદરથી વળેલા હોય તેવા સૌથી વધુ બાળકો ગાંધીનગર તાલુકામાંથી ૧૦ મળી આવ્યા છે, તો દહેગામમાંથી ૬ અને માણસામાંથી ૪ તેમજ કલોલ તાલુકાના બે બાળકોનો સમાવેશ થાય છે.

જન્મજાત બહેરાશ ધરાવતા ૧૦ બાળકો મળ્યા છે જેમાં ૮ કલોલ તાલુકાના અને ૨ બાળકો ગાંધીનગર તાલુકાના છે. જ્યારે જન્મજાત મોતિયો ધરાવતા બાળકો ગાંધીનગર-દહેગામ અને કલોલમાંથી ૧-૧-૧ મળી આવેલ છે.

આ બાળકોના ઓપરેશનનો ખર્ચ રાજ્ય સરકારે ઉપાડ્યો છે. જિલ્લાનું બાળપણ કુપોષણની પિડામાં કેવી ગંભીર બિમારીથી પિડાઈ રહ્યું છે તેની આ ચોંકાવનારી હકીકત છે. હૃદયની બિમારી ધરાવતા બાળકો પણ મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

# શહેરમાં અચાનક જ સફાઇ અભિયાન

**સ્વચ્છતાના મુદ્દે તંત્ર સફાળુ જાગૃત થયુ : દિવાળી ટાંણે પણ સેકટરોની શેરીઓમાં ઉકરડા દુર કરાયા ન હતા : શહેરના મુખ્ય માર્ગો આસપાસ સફાઇ માટે ટીમ કામે લાગી**

ગાંધીનગર તા ૨૧

શહેરના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી ખડકાયેલા કચરાના ઢગ દુર કરવા તંત્ર દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. સફાઈના મામલે અચાનક જ તંત્ર સફાળુ જાગૃત થતા સેકટરોમાં શેરી સફાઈ કરવામાં આવી રહી છે. શહેરના મુખ્ય માર્ગો આસપાસ પરથી પણ કચરાના ઢગ ઉલેચવા સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે.


શહેરમાં દાયકાઓના અંતે કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ હજુ સેકટરોમાં નમુનારૂપ શેરી સફાઈ માટે અસરકારક આયોજન કરવામાં આવ્યુ નથી. ઘરે ઘરે થી કચરો એકત્રિત કરવા ઉપરાંત સેકટરોમાં મુકાયેલી કચરાપેટીઓમાં પણ કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. દિવાળી પુર્વે પણ સેકટરોમાં સફાઈ કરવામાં ન આવતા શેરીઓમાં ઠેર ઠેર ઉકરડા અસ્તિત્વમાં આવ્યા હતા.નિર્મળ ગુજરાત અને સ્વચ્છ ભારતના અભિયાન અન્વયે પ્રારંભે સુરા તંત્ર દ્વારા સફાઈનો પ્રશ્ન છેલ્લા ઘણાં સમયથી રામ ભરોસે છોડી દેવામાં આવ્યો હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ હતુ. દિવાળી દરમિયાન પણ સેકટરોમાં કચરાના ઢગ જોવા મળી રહયા હતા.કચરો હટાવી શહેરને રોચક બનાવવાની સુફિયાણી વાતો





(તસવીર : કશ્યપ નિમાવત)

● અનુસંધાન પાન-૬ પર




શ્રદ્ધાંજલિ



અંજલિ આપતા શબ્દો ખૂટે છે.
શ્રદ્ધાંજલિ આપતાં પૂષ્પો ખૂટે છે.
કુદરતને ખજાને ખોટ પડે છે
ત્યારે માયાળુ માનવીનો ખજાનો લૂંટે છે
હે નાથ જોડી હાથ પાસે
પ્રેમથી સૌ માંગીએ શરણ મળે,
સાચુ તમારૂ એ હૃદયથી માંગીએ જે જીવ
આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના...

ગં.સ્વ. પૂજ્ય ડાહીબા વાડીલાલ પટેલ
સ્વ. તા. ૨૦-૧૧-૨૦૧૫, શુક્રવાર
મુ. કુડાસણ તા.જી.ગાંધીનગર

શોકસભા : નીચે જણાવેલ સ્થળે અને સમયે રાખેલ છે.
સ્થળ : શ્રી વાડીલાલ ડાહ્યાભાઈ પટેલ વિદ્યા સંકુલ કુડાસણ, રાયસણ એપ્રોચ રોડ, કુડાસણ, તા.જી.ગાંધીનગર.
તા.૨૩-૧૧-૨૦૧૫ ને સોમવાર બપોરે ૧૨.૦૦ કલાકે

લી.
શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર સમાજ સુધારક મંડળ કુડાસણ
તથા
શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન ટ્રસ્ટ

સાતમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ગોમતીબેન-પ્રહલાદભાઈ વિઠ્ઠલદાસ પટેલ
(પી. વી. પટેલ, નર્મદાનિગમ)
૨૨-૧૧-૨૦૦૯

જીવન એવું જીવી ગયા, સૌ સદા તમને યાદ કરે,
કર્મ સદા એવા કર્યા સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
ધર્મ કદી ભૂલ્યા નહીં, સુખ-દુઃખમાં સદા હસતાં રહ્યાં,
આપના દિવ્ય આત્માને પ્રભુ સદા શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

કલ્પેશ પ્રહલાદભાઈ પટેલ (પુત્ર) અ.સૌ. શિલ્પા કલ્પેશ પટેલ (પુત્રવધુ)
જયેન્દ્રકુમાર પ્રહલાદભાઈ પટેલ (પુત્ર) અ.સૌ. આશા જયેન્દ્રકુમાર પટેલ (પુત્રવધુ)
જીતેન્દ્રકુમાર મથુરદાસ પટેલ (જમાઈ) પારૂલ પ્રહલાદભાઈ પટેલ (પુત્રી)
ટીશા, વિશ્વ, દિયા, રૂતાંશ, સૃષ્ટિ, દેવશ્ય, પરમ, વ્યોમ
૧૩૨, સર્વોદયનગર, સેક્ટર-૩૦, ગાંધીનગર. મો. : ૯૮૨૪૪ ૫૦૩૩૨
(ફર્મ : અંબિકા લેમીનેશન એન્ડ ફ્રેમીંગ, સે.૨૧, ૦૭૯-૨૩૨૪૪૩૩૨)
નોંધ : આનંદનો ગરબો રાખેલ છે. સમય ૨-૩૦થી ૫ (વૈજનાથ મંડળ)










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com